**રે.દિ.મુ.નં.૧૨/૨૦૨૧**

**આંક–૫ નીચેનો હુકમ**

(૧). વાદીની આંક–૫ ની કમચલાઉ મનાઈ હુકમની અરજીની હકીકત એવી છે કે મોજે અણદાપુર , તા.મોડાસાની સીમના સર્વે નં.૬૫ની ૩–૬૧–૪૦ હે.આરે.ચો.મી.વાળી જમીન વાદી તથા પ્રતિવાદીઓના નામે સંયુકત ખાતે રેવન્યુ રેકર્ડમાં ચાલે છે. સદર જમીન વાદી નં . ૧ અને પ્રતિવાદી નં.૧ અને ૨ નાએ પ્રતિવાદી નં.૩ થી ૫ ના પિતા પાસેથી વેચાણ રખેલી. જેના સ્થળ ઉપર કુલ ચાર હિસ્સા પડેલા. જેમાં ૧/૪ ભાગના હિસ્સાની જમીન પ્રતિવાદી નં.૩ થી ના હિસ્સાની છે. ૧/૪ જમીન પ્રતિવાદી નં.૧ ના હિસ્સામાં આવેલ છે. ૧/૪ જમીન પ્રતિવાદી નં.રના હિસ્સામાં આવેલ છે અને ૧/૪ જમીન વાદીના હિસ્સામાં આવેલ છે. વાદી અને પ્રતિવાદી ઓનો પોતપોતાના હીસ્સાની જમીનનો કબજો ભોગવટો આવેલ છે. વાદીના હીસ્સાની જમીનના હદખૂંટની વિગત નીચે મુજબ છે.

પૂર્વે : ફરેડી ગામનો સીમાડો (વાદીની સર્વે નં.૩૬૭ ની જમીન આવેલ છે.)

પશ્ચિમે: સર્વે નં.૬૫ પૈકીની પ્રતિવાદી નં.ર ના હીસ્સાની જમીન આવેલી છે.

ઉત્તરે : બામણીયા મંગુબેન મગનભાઈ તથા મોજે માથાસુલીયાનો સર્વે નં.૧૧૮ ની જમીન આવેલી છે.

દક્ષિણ : સર્વે નં. ૬૫ પૈકીના પ્રતિવાદી નં.૩ થી ૫ નાઓની જમીન આવેલ છે.

વાદી અને પ્રતિવાદી નં.૧ અને ૨ ના હીસ્સાની ઉત્તરે વાદીના હીસ્સાને અડીને માથાસુલીયાથી ફરેડી જવાનો રસ્તો આવેલ છે અને સદર રસ્તાથી પુર્વે વાદી તથા પ્રતિવાદી નં.૧ અને ૨ ના હીસ્સાનો ઉત્તર શેઢો પુરો થયા પછી ઉત્તરે આવેલ જમીનમાં આવેલ રસ્તે થઈ વાદી અને પ્રતિવાદી નં.૧ અને ૨ પોતપોતાના હીસ્સાની જમીનમાં અવરજવર કરે છે અને ખેતીના ઓજારો, બળદ, ગાડુ, ટ્રેકટર વિગેરે લઈ જાય છે. પ્રતિવાદી નં.૧ અને ૨ તેમના હીસ્સાની જમીનમાં નવો કુવો બનાવવાનું ચાલુ કરેલ છે અને વાદીના હીસ્સાની જમીનમાં નવો રસ્તો બનાવી વાદીના હીસ્સાની જમીનના ઉત્તર છેડે રસ્તાનો નવીન હકક ઉભો કરવાના બદઆશયથી

વાદીના હીસ્સાની અને પ્રતિવાદી નં.૨ ના જમીન વચ્ચે આવેલ ઉત્તર–દક્ષિણ શેઢા સુધી પુરણ કરી વાદી નં.૨ ના હીસ્સાની જમીનમાં રસ્તો બનાવી દીધેલ છે અને વાદીના હીસ્સાની ઉત્તર શેઢા ની જમીનમાંથી સદર રસ્તો પસાર કરવાના રસ્તાનો માટીકામ કરવાની વાદીને ધમકી આપી રહેલ છે. વાદીની દાવાવાળી જમીનમાં વાદીના બોરકુવાને , ડીપીને ખેતીમાં પાણી પિયત કરવા માટે આવેલ પી.વી.સી.પાઈપ લાઈનને, એલ્બાઓને નુકશાન થાય તે રીતે વાદીની ખેતીની જમીનમાં વાદીના હકક અધિકારને નુકશાન થાય તે રીતે પ્રતિવાદી નં.૧ અને ૨ નાઓ કોઈપણ પ્રકારના રસ્તાનો નવીન હકક ઉભો કરવા કોઈપણ પ્રકારનું બાંધકામ કોઈપણ રીતે કરે કરાવે નહીં તેવો પ્રતિવાદી નં. ૧ અને ૨ તેમજ તેમના માણસો, કોન્ટ્રાકટરો, એસાઈનીઓ વિરુધ્ધ દાવો ચાલતા સુધી કામચલાઉ મનાઈ હુકમ આપવા અરજ કરેલ છે.

વાદીએ પ્રતિવાદી નં.૩ થી ૧૧ વિરુધ્ધ કોઈ દાદ માંગેલ નથી .

(૨) પ્રતિવાદી નં.૧ થી ૫ નાએ આંક–૧૯ થી તેમના જવાબમાં વાદીના દાવા તથા મનાઈ અરજીની હકીકતોનો ઈન્કાર કરેલો છે અને પ્રતિવાદી નં.૧ થી ૫ ને તાજેતરમાં એક યા બીજા કારણસર તેમજ સામાન્ય કારણસર અવરજવરમાં રોકવાની અને અડચણ ઉભી કરવાનું વાદીએ ચાલુ કરેલ છે. વાદીને તેમ કરવાનો કોઈ હકક કે અધિકાર નથી.

(૩) વાદીએ તેમની અરજીના સમર્થનમાં નિ.૪/૧ થી ૪/૪ ના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે. વાદીએ કોર્ટ કમિશનથી પંચનામું, રોજકામ કરવાની અરજી રજુ કરતાં જે અરજી મંજુર થતાં નિ.૧૦/૨ થી પંચનામુ રજુ થયેલ છે તેમજ નિ. ૧૦/૩ થી વાદીના હીસ્સાની જમીનમાં તકરાર રસ્તા માટેનો નકશો રજુ થયેલ છે.

(૪) સદર કામે રેકર્ડ ધ્યાને લેતાં વાદીના હીસ્સે આવેલ જમીન તથા પ્રતિવાદીના હીસ્સે આવેલ જમીન બાબતે કોઈ તકરાર નથી. પ્રતિવાદી નં.૧ થી ૫ નાએ તેમના દાવા જવાબમાં વાદીના દાવાનો ઈન્કાર કરેલ છે. કોર્ટ કમીશ્નર ધ્વારા કરવામાં આવેલ નિ.૧૦/૩ ના નકશામાં વાદીના હીસ્સાની જમીનમાં ઘઉંની વાવણી થયેલાનું, બોર હોવાનું, ઈલેકટ્રીક વાયરો તેમજ

પાઈપ હોવાનું જણાઈ આવે છે તેમજ સદર વાદીના હીસ્સાની જમીનમાં નવીન રસ્તો તાજો પુરણકામ કરેલ હોવાનું જણાઈ આવે છે.જે પ્રતિવાદી નં.૨ ના હીસ્સાની જમીનથી ફરેડી પંચાયત માં આવેલ રસ્તા તરફ નવીન રસ્તો બનાવેલ હોવાનું જણાઈ આવે છે જેથી કોર્ટ કમિશ્નર શ્રીએ કરેલ પંચનામું તથા નકશો તેમજ નિ.૪/૪ થી રજુ થયેલ ફોટોગ્રાફ ધ્યાને લેતાં પ્રતિવાદી નં .૧ અને ૨ વાદીના હીસ્સાની જમીનમાં પ્રથમ દૃષ્ટિએ નવીન રસ્તો બનાવતા હોવાનું સ્પષ્ટપણે જણાઈ આવે છે, જેથી જો આવો નવીન રસ્તો બને તો વાદીને નાણાંમાં આંકી ન શકાય તેવું નુકશાન જાય તેમજ સગવડતા–અગવડતાનું ધોરણ અને પ્રથમ દૃષ્ટિનો પુરાવો વાદીની તરફેણમાં હોય, ન્યાયના હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

૧. વાદીની સદર અરજી મંજુર કરવામાં આવે છે.

૨. પ્રતિવાદી નં.૧ અને ૨ નાઓએ તેમજ તેમના માણસો, કોન્ટ્રાકટરો, એસાઈનીઓ એ વાદીના હીસ્સાની હદખૂંટવાળી દાવાવાળી જમીનમાં કોઈપણ પ્રકારના રસ્તાનું કે અન્ય કોઈપણ પ્રકારનું બાંધકામ કરવું નહીં કે કરાવવું નહીં તેવો દાવો ચાલતાં સુધી કામચલાઉ મનાઈ હુકમ પ્રતિવાદી નં.૧ અને ૨ ની વિરુધ્ધમાં ફરમાવવામાં આવે છે.

૩. અરજીનું ખર્ચ દાવાના આખરી પરીણામને અનુસરશે.

સદર હુકમ આજરોજ તારીખ ૨૬ મી માહે જુલાઈ સને ૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૨૬/૦૭/૨૦૨૨

સ્થળ :મોડાસા.

**(શ્રીમતી એન. ડી. શર્મા)**
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ, મોડાસા
**U.I.C. NO.GJ00555**